## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



હસમુખલાલ મણીલાલ શાહ
(૧૯૪૫) ફોન:૨૩૨ ૨૩૪૬૯



બબુબેન નારણજી ડાભી
(૧૯૩૮) મો. ૯૯૨૫૭૦૨૮૭૯



અરવિંદાબેન મહેન્દ્રભાઈ શાહ
(૧૯૪૮) ફોનઃ ૨૯૨૮૯૦૭૦

# શાળા પ્રવેશોત્સવ એ ૧૫ વર્ષ પછીના સુશિક્ષિત ગુજરાતનો પાયો નાંખે છે

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજથી શરૂ થયેલા ત્રણ દિવસના કન્યા કેળવણી અને શાળાપ્રવેશ મહોત્સવના દશમા અભિયાનના પ્રારંભે વિડિયો કોન્ફરન્સથી વાલી સમાજને પ્રેરક અપીલ કરતાં જણાવ્યું હતું કે ગામમાં મંદિર જેટલું જ મહત્વ પ્રાથમિક શાળાનું છે. આપણા બાળકનું બાળપણ એમાં પ્રાણશકિત તરીકે ધબકતું રાખવાનું આપણું દાયિત્વ છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે ૧૫ વર્ષ પછીનું ગુજરાત સુશિક્ષિત હશે તેનો પાયો આ જનઅભિયાન બની રહેવાનું છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીથી માંડીને આખી સરકાર અને જનપ્રતિનિધિઓ ગામે-ગામ દિકરી-દિકરાને ભણાવવાનો ભેખ લઈને નીકળ્યા છે. ગામ આખું સુશિક્ષિત હોય-ગામની દિકરી-દિકરો ડોકટર-એન્જીનીયર ઉચ્ચ હોદ્દા ઉપર પ્રતિષ્ઠા મેળવીને ગામને ગૌરવ અપાવે છે એ જ શિક્ષણનું મહત્વ સમજાવે છે.

ગરીબ બાળકને શિક્ષિત બનાવવા આ સરકારે દશ જ વર્ષમાં શું નથી કર્યું? એવો પ્રઁ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે બાળક શાળામાં દાખલ થયું એટલે એના જીવનનો વીમો સરકારે વિદ્યાદીપ યોજના નીચે તારી દીધો છે. શાળાના પ્રત્યેક બાળકના આરોગ્યનું પરિક્ષણ અને રોગોની સારવારની આ સરકારે જવાબદારી ઉપાડી લીધી છે.

રાજ્ય સરકારના તમામ અધિકારીઓએ શિક્ષણ-સંસ્કાર માટે જે ઉત્તમ દાયિત્વમાં યોગદાન આપ્યું છે તેને બિરદાવતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે અનેક અધિકારીઓએ આંગણવાડી દત્તક લઈ લીધી છે. આ એવો અવસર છે કે શિક્ષણ માટે આખી સરકાર આટલી સંવેદનશીલ છે.

ગુણોત્સવથી બે લાખની શિક્ષકોની સેનામાં નવી ચેતના જાગી છે ત્યારે ગામ આખું પણ એ માટે સંવેદનાથી શાળાના ઉત્તમ શિક્ષણ માટેની કાળજી લે એ જરૂરી છે. દશ વર્ષની આ સરકારની તપસ્યા અને ભૂતકાળની સરકારોએ પ્રાથમિક શિક્ષણ માટે કરેલા આંખમિચામણાની તુલના કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે બધી જ ૩૪૦૦૦ શાળાઓમાં શાળાના ઓરડા, શિક્ષકો, સેનીટેશન યુનિટ, વીજળી, કોમ્પ્યુટર લેબ, મધ્યાન્હ ભોજન, પોષક આહાર, વાંચે ગુજરાતનું અભિયાન અને પુસ્તકોની લાયબ્રેરી, રમતનું મેદાન-બધી જ સુવિધાઓ આપી છે. શિક્ષકોને તેમણે કોમ્પ્યુટરનું જ્ઞાન અનિવાર્યપણે મેળવી લેવા આહ્‌વાન કર્યું હતું. શાળા માટે સમાજની સંવેદના જગાવવા તિથી ભોજન માટે પણ તેમણે પ્રેરક અપીલ કરી હતી.

દિકરીઓ ધો-૭ પછી પણ માધ્યમિક શાળામાં આગળ ભણે તેવો અનુરોધ તેમણે કર્યો હતો. આંગણવાડીના ગરીબ ભૂલકાંઓ માટે લોકભાગીદારીથી લાખો લાખો રમકડાંની ભેટ આપવાની સમાજની સત્વશકિત ગુજરાતની આવતીકાલને ઉજ્જવળ બનાવવાનો સંકેત છે એમ તેમણે જણાવ્યું હતું.

ગામ નક્કી કરે કે ગામની શાળા 'એ' ગ્રેડમાં લાવવી જ છે-એવો સંકલ્પ કરવાનું પ્રેરક આહ્‌વાન પણ તેમણે કર્યું હતું. આ પ્રસંગે પ્રાથમિક શિક્ષણ અગ્ર સચિવ શ્રીમતી સંગીતાસિંઘ અને પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી આર. સી. રાવળ ઉપસ્થિત રહ્યા હતા.

## મહાનગરપાલિકાઓમાં નવી ૧૮ સબ રજીસ્ટ્રાર કચેરીઓ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યની મહાનગરપાલિકાઓમાં થઈ રહેલ વિકાસને ધ્યાને લઈ તેમજ દસ્તાવેજોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે જેને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા હાલ કાર્યરત સબ રજીસ્ટ્રાર કચેરીઓની સંખ્યામા વધારો કરી નવી ૧૮ કચેરીઓ શરૂ કરવાનો મહત્વાકાંક્ષી નિર્ણય કર્યો છે એમ મહેસૂલ વિભાગની યાદીમાં જણાવાયું છે.

મહાનગરપાલિકા વિસ્તારમાં મિલકતોની લે-વેચનું પ્રમાણ વધ્યું છે તેના ભારણને લક્ષમાં લઈ આ નિર્ણય કરાયો છે. અમદાવાદમાં વર્ષ ૨૦૧૧-૧૨માં સાત નવી સબ રજીસ્ટ્રાર કચેરીઓ કાર્યરત છે જ્યારે અન્ય મહશ્નગરપાલિકા વિસ્તાર જેમાં વડોદરા-૦૪, સુરત-૦૬, રાજકોટ-૦૪, જામનગર-૦૨, ભાવનગર અને જૂનાગઢ ખાતે એક-એક એમ ૧૮ જેટલી નવી સબરજીસ્ટ્રાર કચેરીઓ શરૂ કરાશે તેની સાથોસાથ જરૂરી મહેકમ પણ મંજૂર કરાયું છે. આમ થવાથી લોકોને દસ્તાવેજ નોંધણી કરાવવાની કામગીરીમાં ઝડપી અને સરળ સેવાઓ મળશે.

## પ્રિ-પ્રેસ મટીરીયલ્સમાં ભાવ વધારો

ગાંધીનગર, તા.૧૪

હાલમાં રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય આર્થિક સંજોગોમાં બદલાવ આવવાને કારણે પ્રિન્ટીંગ પ્રેસમાં વપરાશમાં કાચામાલ જેવા કે ઓફસેટ પ્લેટ, કેમીકલ અન્ય રો મટીરીયલ તેમજ પેટ્રોલ, વીજળી, વેતનમાં વધારો થવાથી પ્રિન્ટીંગ પ્રેસના ઉત્પાદનમાં અસહય વધારો થયેલ છે. જેથી ઓફસેટ પ્લેટના ભાવમાં તા. ૧૫ જૂનથી ૪૦ ટકાનો ભાવ વધારો અમલમાં આવશે. ધી પ્રી. પ્રેસ વેલફર એસોસીએશન અમદાવાદના પ્રમુખ ભદ્રેશભાઈ પટેલ, મંત્રી ભાર્ગવભાઈ શાહ, ઉપપ્રમુખ કિરીટભાઈ ફળદુ, ખજાનચી રમણભાઈ ગજ્જરએ સંયુકત રીતે જણાવેલ છે.




બળાત્કારનો ભોગ બનેલી દલિત સગીરાની ફરિયાદ પોલીસથી માંડીને સરકારી તંત્રએ પણ ન લીધી અને સગીરાને વધુ અન્યાય થયો એવી માગણી સાથે સત્યાગ્રહ છાવણી ખાતે સગીરાના સમર્થકોએ ધરણાં માંડ્યાં છે. (તસવીર : દિપક જાની)

## સમાચાર ઝલક

- વિરમગામ - સાણંદ હાઇવે પર મીઠાની ટ્રક પલટી ખાઈ જતાં ૨૪ વ્યક્તિઓનાં મૃત્યુ, રાજ્ય સરકારે સહાયની જાહેરાત કરી, ઇજાગ્રસ્તો વી.એસ. હોસ્પિટલમાં દાખલ.
- વિશાખાપટ્ટનમમાં સ્ટીલના કારખાનામાં ભયાનક આગ : ૧૦નાં મોત.
- ઇરાકમાં બોમ્બ વિસ્ફોટથી ૬૫ શિયાપંથી મુસ્લિમોનાં મૃત્યુ, અનેક ઘાયલ.
- સુરેન્દ્રનગર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાનના પુસ્તકોમાં અશ્લીલ જોક્સનાં પુસ્તકનો સમાવેશ.
- વડોદરામાં સતત બે દિવસ મોટી રકમોની બેંકના દરવાજાઓ પાસે ચીલઝડપ, પોલીસની કાર્યવાહી સક્રિય.
- દેશના ટોચના ઉદ્યોગપતિઓ કેન્દ્ર સરકારની કામગીરીથી નારાજ.
- ઝાલોદના ધારાસભ્ય શ્રી દિતાભાઇ મછારના સુપુત્રે ડેપ્યુટી ઇજનેરને લાફાવાળી કરી.
- ઍરડામાં ૪૦ ટકાની એક જ વર્ષમાં મંદી આવી છે, યુરોપીયન કટોકટીથી ઍરડામાં માંગ ઘટી છે.
- ગુજરાતમાં વાઇબ્રન્ટ - ૨૦૧૩ પહેલાં આંતરિક સેવા શરૂ કરવાના પ્રયાસો.
- આ છે ઉત્તરપ્રદેશ : ૪૫ દિવસમાં ૬૯૯ હત્યા કરાઇ, ૨૬૩ બળાત્કારના બનાવો, રાજ્ય વિધાનસભામાં માહિતી રજૂ થઇ.
- તાલાલા પંથકની કેસર આંબાની કલમો ઇથોપિયા દેશમાં રોપાશે.
- બેકીંગ સેવાઓમાં વિવિધ ચાર્જિસમાં ધરખમ વધારો.
- અમદાવાદમાં રથયાત્રામાં લશ્કર સાબદું રખાશે : ચિત્તરંજન સિંઘ.
- રાજકોટમાં ૧૨ વર્ષની સગીરા પર બળાત્કાર ગુજારનાર મુસ્લિમ પ્રૌઢને ૭ વર્ષની કેદ તથા દંડ.
- ગઝલ સમ્રાટ મહેંદી હસનનું પાકિસ્તાનમાં ૮૪ વર્ષની વયે નિધન.
- પાર્સલ બોમ્બ વિસ્ફોટના માસ્ટર માઇન્ડ કિરીટ રૌંજલીયાનો પોલીસ કસ્ટડીમાં આપઘાત.

## ઝુંડાલના બે મંદિરોમાં તસ્કરોનો હાથફેરો : ૩૫ હજારની મત્તા ચોરી

### મંદિરની જાળીનું તાળુ તોડી ભગવાનના આભુષણો ચોર્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના ઝુંડાલ ગામમાં સ્થિત બે મંદિરોમાં ગત રાત્રે તસ્કરોએ હાથફેરો કર્યો હતો. ગામમાં આવેલ વેરાઈ માતા અને હનુમાન મંદિરની જાળીનું તાળું તોડી ચોર ઈસમોએ ભગવાનના સોના-ચાંદીના આભુષણો અને રોકડ સહિત રૂ. ૩૫ હજારની મત્તાનો સફાયો કર્યો હતો.

શહેર ઉપરાંત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ તસ્કર ટોળકી સક્રિય થતા ચોરીના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. બંધ મકાનોની સાથે ચોર ટોળકીએ મંદીરોને પણ ટાર્ગેટ બનાવ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જિલ્લાના ઝુંડાલ ગામમાં ગત રાત્રે તસ્કર ટોળકી ત્રાટકી હતી. ગામમાં સ્થિર વેરાઈ માતા અને હનુમાન મંદિમાં જાળીનું તાળું તોડી તસ્કરો અંદર પ્રવેશ્યા હતા. ચોર ઈસમોએ ભગવાનના સોના ચાંદીના આભુષણો તેમજ રોકડની ચોરી કરી હતી. બંને મંદિરોમાંથી રૂ. ૩૫ હજારની મત્તાનો સફાયો કર્યો હતો. આ બનાવ સંદર્ભે મંદિરના ટ્રસ્ટી પુરૂષોત્તમભાઈ નારણભાઈ પટેલે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે સવારે ઘટના સ્થળે પહોંચી તસ્કરોનું પગેરું શોધવા તપાસ હાથ ધરી હતી. આ અંગે અડાલજ પોલીસ સ્ટેશનના પી.બી. રાઠોડે વધુ તપાસ હાથ ધરી છે.

## નકલી કોસ્મેટીક બનાવતી ગેરકાયદે ફેક્ટરી ઉપર ઔષધ નિયમન તંત્રનો દરોડો

ગાંધીનગર, તા. ૧૪

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજય ગાંધીનગરની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે જણાવે છે કે , ખોરાક અને ઔષધ નિયમન તંત્રને મળેલ બાતમીના આધારે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના, ગાંધીનગર તથા અમદાવાદ ખાતેના અધિકારીઓએ સંયુકત રીતે રેઈડ કરતાં નારોલ-અમદાવાદ ખાતે આવેલ સોનીક ઈમ્પેક્ષ, ૩ રોનક કમ્પાઉન્ડ, ખોડીયાર એસ્ટેટ સામે, ઈશનપુર, નારોલ રોડ, અમદાવાદ ખાતે વગર પરવાને ઉત્પાદિત થતાં જુદા જુદા ટુથ પેસ્ટ, શેવીંગ ક્રીમ, શેમ્પુ, ટેલકમ પાઉડર વિગેરે જેવા નકલી સૌંદર્ય પ્રસાધનો તથા તેના ઉત્પાદનમાં વપરાતી મશીનરી,લેબલ, પેકીંગ મટીરીયલ વગેરેનો દશ ટ્રક જેટલો વિપુલ પ્રમાણમાં જથ્થો પકડી પાડેલ છે. જપ્ત કરવામાં આવેલી બનાવટોમાં જાણીતી કંપનીની નકલી બનાવટો સમાવેશ થાય છે. આ રેઈડ દરમ્યાન કેટલીક ફીનીશ પ્રોડકટ, રો મટીરીયલ વિગેરેના કુલ ૧૫ જેટલા નમુનાઓ પૃથ્થકરણ અને ચકાસણી માટે લેવામાં આવ્યા છે જે ચકાસણી અર્થે મોકલી આપવામાં આવશે. અધિકારીઓ ધ્વારા કાચોમાલ, મશીનરી તથા તૈયાર બનાવટો સહિત આશરે રૂા.૩૦ લાખની કિંમતનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. કર્મિંરશ્રી ડો. એચ. જી. કોશિયા ના જણાવ્યા મુજબ ઔષધ અને સૌદર્ય પ્રસાધન ધારાની જોગવાઈઓ મુજબ સૌંદર્ય પ્રસાધનનું ઉત્પાદન કરવા માટે ફોર્મ ૩૨ હેઠળ પરવાના મેળવવા તથા ઉત્પાદિત થયેલા સૌંદર્ય પ્રસાધનો વેચાણ અર્થે મુકતા પહેલાં તેનું પરીક્ષણ જરૂરી છે પરંતુ આવા પરવાના વિના ઉત્પાદિત થયેલ સૌંદર્ય પ્રસાધનો અને તેની પુરતી ગુણવત્તાની ચકાસણી કર્યા વગર જો જાહેર જનતા આનો ઉપયોગ કરે તો તે આરોગ્ય માટે હાનિકર્તા સાબિત થાય છે. જાહેર જનતા જયારે સૌંદર્ય પ્રસાધનો ખરીદ કરે ત્યારે જે તે પ્રોડકટ અધિકૃત વિક્રેતાઓને ત્યાંથી પાકા બીલથી ખરીદી કરવી જોઈએ જેથી આવા લેભાગુને બજારનું પ્રોત્સાહન મળે નહીં, તે માટે ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

## માણસામાં વીજકરંટ લાગતા યુવાન દુકાનદારનું મોત

માણસા, તા. ૧૪

માણસા તાલુકાના ચક્કર વિસ્તારમાં પાન પાર્લર ધરાવતા દુકાનદારે પોતાની દુકાન બહાર રહેલા ભેજવાળા વાયરને હાથ લગાવતા દુકાનદાર યુવાનને જોરદાર કરંટ લાગ્યો હતો અને જમીન પર પટકાયો હતો જ્યાં સારવાર પહેલા જ તેનું કરૂણ મોત નિપજ્યું હતું. આ ઘટના બાદ પરિવારમાં શોકની કાલિમા છવાઈ જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા તાલુકામાં આવેલ ભાવના સોસાયટીમાં રહેતા ૩૩ વર્ષીય કિશનકુમાર ચુંથાજી ઠાકોર માણસાના ચક્કર વિસ્તારમાં પાન પાર્લર ચલાવે છે. નિત્યક્રમ મુજબ આજે પણ તેઓ સવારે પાર્લર પર આવ્યા હતા. સાંજે અચાનક જ પવન અને વરસાદ પડતા વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. આથી દુકાનદાર યુવાન વસ્તી કરી પોતાના ઘરે જવાની તૈયારી કરી રહ્યો હતો. દરમિયાન દુકાન બહાર લગાવેલી ટ્યૂબલાઈટ નીચે ઉતારી દુકાનમાં જતા અચાનક જ લાઈટો ચાલુ થઈ જતા યુવકને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. અને જમીન પર પટકાયો હતો. આ ઘટના જોઈ આસપાસના અન્ય દુકાનદારો અને રહીશો તાત્કાલિક દોડી આવ્યા હતા અને યુવાનને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. પરંતુ યુવકને કોઈપણ પ્રકારની સારવાર મળે તે પહેલા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. આ કરૂણ ઘટનાને પગલે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

## લીંબડીયા ગામે જમીન ચકાસણી શિબિર યોજાઈ


ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના લીંબડીયા મુકામે ફર્ટીલાઈઝર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા અને ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે જમીન ચકાસણી દિવસ અન્વયે ખેડૂત શિબિર યોજાઈ હતી.

ખેડૂત શિબિરમાં લીંબડીયા ગામના ૩૦ થી ૩૫ જેટલા ખેડૂત ભાઈઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. જી.એસ.એફ.સી. કું.ની મોબાઈલ સોઈલ ટેસ્ટીંગ વેન દ્વારા ૨૫ જેટલા જમીનના નમૂનાઓનું વિનામૂલ્યે પૃથ્થકરણ કરી એનાલીસીઝ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.જમીનના આ રિપોર્ટને ખેડૂત ભાઈઓએ સ્થળ પર જ મેળવી તેનો અસરકારક અમલ આવતી ખરીફ સીઝનમાં લેવા રસ દર્શાવ્યો હતો. ખેડૂત ભાઈઓને ઉપસ્થિત અધિકારી ગણ દ્વારા જમીનનો નમૂનો લેવાની વૈજ્ઞાનિક પદ્ધતિ, એનાલીસીઝ રિપોર્ટ અંગેની સંપૂર્ણ સમજ, ખેતીમાં જમીન ચકાસણીનું મહત્વ, ક્ષારવાળી જમીનને બગડતી અટકાવવાના વિવિધ ઉપાયો, પાકને ઉપયોગી એવા મુખ્ય તેમજ ગૌણ તત્વો અંગેની માહિતી અને રાસાયણણિક ખાતરોનો કાર્યક્રમ અને ખાતરોની વિતરણ વ્યવસ્થા બાબત વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

લીંબડીયા ગામમાં યોજાયેલ ખેડૂત શિબિરમાં જી.એસ.એફ.સી.ના સિનિયર માર્કેટીંગ મેનેજર બી. બી. પટેલ, એરિયા મેનેજર વી. જે. વાછાણી, મેનેજર કે. જી. કોરાંટ, સિનિયર એગ્રો. સર્વિસીસ ઓફિસર વી.એન. ગોઠી કું.ના ચિલોડા ડેપો ઈન્ચાર્જ વી.જી. પટેલ અને એફ.એ.આઈ.નાં રીજીયોનલ એક્ઝીક્યુટીવ ડી.ડી. ખોસે ખાસ હાજરી આપી હતી. આમંત્રિત મહેમાનોનો આત્મા પ્રોજેક્ટ દ્વારા સન્માનીત લીંબડીયા ગામના ખેડૂત રમેશભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો અને આવા પ્રકારની શિબિરોનો ભવિષ્યમાં પણ ગામને લાભ આપવા અનુરોધ કર્યો હતો.

## શબ્દાવલી - ૪૭૫૮



| આડી ચાવી | | ઊભી ચાવી | |
|---|---|---|---|
| ૧. પોતાની જાતે પોતાના વખાણ કરવા તે | (૫) | ૧. કલા, કૌશલ્ય | (૪) |
| ૫. એક ધાન્ય | (૨) | ૨. ચરણ, ચાલવાની ઈન્દ્રિય | (૨) |
| ૭. લાગવગ | (૨) | ૩. રોડ બનાવવા માટે કપચી-મેટલ અને... વગેરે વપરાય | (૩) |
| ૮. તાકાત, શક્તિ | (૩) | ૪. મંજૂરી, રજા | (૪) |
| ૯. દેવુ | (૩) | ૬. રહેવું તે, મુકામ કરવો | (૩) |
| ૧૦. ઔષધ | (૨) | ૯. કસીરાઈ | (૫) |
| ૧૧. તગડી, સફેદ ફૂલનું ઝાડ | (૩) | ૧૦. પડતી, હાલત | (૨) |
| ૧૩. ઉત્સુકતા, આતુરતા | (૪) | ૧૨. ગમગીન, અવસાદ યુક્ત | (૪) |
| ૧૫. ખ,જ અક્ષરવાળી રાશી | (૩) | ૧૪. સવા નવને પાંચ એટલે... પણ કહેવાય | (૨) |
| ૧૭. પવન જોરથી વાય ત્યારે તેને... સંભળાય | (૪) | ૧૬. .... નો શીરો થાય | (૨) |
| ૧૯. ખરલ, પથરો | (૨) | ૧૮. એક શાક જેવું સૂપ-સૉસ પણ બને | (૩) |
| ૨૦. આધાર, ટેકો | (૩) | ૧૯. શાહી ભરવાની બોટલ | (૩) |
| ૨૩. શરદી-ખાંસીમાંથી બાળકોને થતો એક રોગ | (૪) | ૨૦. એક કઠોળ | (૨) |
| | | ૨૨. પગમાં પગ ભરાવવાની એક હરકત | (૨) |

### શબ્દાવલી ૪૭૫૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચમરબંધી (૫) તુફા (૭) બુમ (૮) ધાકધમકી (૧૦) તત્ત્વ (૧૧) રતુમડુ (૧૨) મણ (૧૪) સજા (૧૬) વાટ (૧૭) પખાલ (૧૮) ગજુ (૨૦) રાવ (૨૧) વડવાનળ (૨૩) ગતકડુ (૨૪) નીર

**ઊભી ચાવી :-** (૧) ચબૂતરો (૨) મમત્વ (૩) બંધારણ (૪) ધીકતું (૫) તુમડુ (૬) ફાકી (૯) ધમણ (૧૨) મજાલ (૧૩) અટકળ (૧૪) સખાવત (૧૫) સગડ (૧૭) પરાગ (૧૯) જુવાની (૨૧) વડુ (૨૨) નર

## કેરીના ભાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેરીની સીઝન પૂર્ણ થવામાં છે અને ચોમાસું શરૂ થવામાં છે ત્યારે કેસર કેરીનો ભાવ ખુબ ઝડપથી ઘટી રહ્યો છે. છેલ્લા બે દિવસમાં જ ભાવો અડધા કરતાં પણ ઘટી ગયા છે. ૧૦ કિલોની પેટી હવે ૨૦૦ રૂ.માં જ મળતી થઈ છે. કેસર કેરી જયાં સૌથી વધુ થાય છે ત્યાં તલાલા-જૂનાગઢ વિસ્તારમાં વરસાદ થયો છે. કેરીના ઘણા બોકસ પલળી જતા વેપારીઓ તેને ખુબ ઓછા ભાવે વેચી માલ કાઢી રહ્યા છે. અહીં કેરીની પેટી માત્ર ૧૦૦ રૂ.ના ભાવે મળી રહી છે.

ગાંધીનરના મુખ્ય શાકમાર્કેટ ઉપરાંત સચિવાલય, મીના બજાર, વિસ્તારમાં ટ્રકો ભરાઈને કેરીઓ વેચાવા આવી છે. મુખ્ય માર્ગોની આસપાસ પણ ઘણા સ્થળોએ નાના વેપારીઓ કેસર કેરીની પેટીઓ વેચી રહ્યા છે. કેરીની સીઝનના અંતમાં ખુબ સસ્તા ભાવે કેરી મળી રહેતા વસાહતીઓ તેને ખરીદવા ભારે ભીડ જમાવી રહ્યા છે. ઘણા તો હવે પાકી કેસર કેરીના ટુકડા ફ્રીઝમાં સ્ટોર કરતાં હોવાથી એક સાથે બે-બે ત્રણ-ત્રણ પેટીઓ ખરીદી રહ્યા છે અને આખું વર્ષ કેરીના રસનો સ્વાદ માણવાની તૈયારી કરી રહ્યા છે.

## બમણો વરસાદ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. સીઝનનો સરેરાશ વરસાદ ૬૫૦ મી.મી. છે ત્યારે વર્ષ ૨૦૦૧થી લઈ ૨૦૧૧ દરમિયાન મોટા ભાગે સરેરાશથી વધુ વરસાદ નોંધાયો છે. જયારે વર્ષ ૨૦૦૫માં સૌથી વધુ ૧૨૭૦ મી.મી. અલબત્ત ૫૦ ઈંચથી વધુ વરસાદ થયો હતો. જયારે ત્રણ કલાકમાં ૧૩ ઈંચ પાણી ટપકતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જયારે વર્ષ ૨૦૦૭માં પણ ૧૧૭૦ મી.મી. વરસાદ થતા ચોમાસું ઘણું સાનુકૂળ પુરવાર થયું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૦૧ અને ૦૨ને બાદ કરતા ૨૦૦૩માં પણ સીઝનનો ૧૦૭૪ મી.મી. વરસાદ થયો હતો. ચાલુ વર્ષે જૂન મહિનાના પ્રથમ બે સપ્તાહના અંતે જ ગત પાંચ વર્ષથી વધુ વરસાદ થયો છે. રોજબરોજ ઢળતી સાંજે આકાશમાં ઘેરાયેલા વાદળો રીમઝીમ વરસતા ચોમાસાની વિધિવત શરૂઆત થઈ ગઈ છે. ત્યારે વાતાવરણ પલટાવાના લીધે આકરા તાપથી રાહત અનુભવતા નગરજનો બાફનું પ્રમાણ વધતા અસહ્ય ઉકળાટ અનુભવી રહ્યા છે.

## હત્યારાનો આજીવન કેદ..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોત નિપજયું હતું. આ મામલે મરનાર મિતેશના પિતા સોમાજી દલજી તલીયારે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

આ કેસ ગાંધીનગરની ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનીલ પંડયાએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે આરોપીએ કારણ વગર છરીથી હુમલો કરી નાની ઉંમરના વ્યકિતની હત્યા કરી છે. પિતાએ પોતાના કમાતા પુત્રને ગુમાવ્યો છે આવા સંજોગોમાં આરોપી નાની ઉંમરનો હોય તો પણ દયા રાખી શકાય નહીં. એરફોર્સ કવાટર્સના અધિકારીઓની જુબાની નજરે જોનાર સાહેદ જગદીશ નવજીભાઈ ખરાડી તેમજ મહમ્મદ નુર આલમની જુબાની સહિત ડોકટર તેમજ મરનારના પિતા સહિતના અન્યની જુબાની અને જવાનોને ધ્યાને લઈ ડીસ્ટ્રીકટ જજશ્રી જી.કે. ઉપાધ્યાયે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. વધુમાં આરોપીને રૂ. ૧૦ હજાર દંડ અને દંડ ન ભરે તો વધુ ૬ માસની સજા ભોગવવા હુકમ કર્યો છે.